ગુજરાતમિત્ર
આસપાસ ચોપાસ
મંગળવાર ૨૪ માર્ચ, ૨૦૨૬

આસપાસનાં પ્રદેશની સિદ્ધિ અને સમસ્યાની વાત...!


સજોદ ગામે દેવકા તળાવે સજોદ પ્રીમીયર લીગ ક્રિકેટ મેચ માટેનું ગ્રાઉન્ડ



સજોદ ગ્રામ પંચાયત કચેરી

## બુલેટ ટ્રેન અને સુપર એક્સપ્રેસ વેની બાજુમાં વસેલું અંકલેશ્વર તાલુકાનું ગામ

# સજોદ

**આશરે 5200થી વધુની વસતી ધરાવતું આ ગામ તેની અતૂટ સામાજિક એકતા માટે જાણીતું, ગામમાં વિધવા પેન્શન અને શૌચાલયનો 100 ટકા લાભ મળે છે**

ટાઉન ટોક



અંકલેશ્વર-હાંસોટ રોડ પર આવેલું સજોદ ગામ આજે પ્રગતિશીલ ગામ તરીકે આગવું સ્થાન ધરાવે છે. આશરે 5200થી વધુની વસતી ધરાવતું આ ગામ તેની અતૂટ સામાજિક એકતા માટે જાણીતું બન્યું છે, જ્યાં તમામ જ્ઞાતિના લોકો સહિયારા પ્રયાસોથી વિકાસના માર્ગે આગળ વધી રહ્યા છે. સજોદ ગામમાં આશરે 57 જેટલાં ફળિયાં અને સોસાયટીઓ આવેલી છે, જે ગામની વ્યવસ્થિત આવાસ વ્યવસ્થા અને સંગઠિત માળખું દર્શાવે છે. ગામમાં 100 ટકા શૌચાલયની સુવિધા ઉપલબ્ધ છે અને અંદાજે 225 જેટલી વિધવા બહેનોને નિયમિત પેન્શનનો લાભ મળી રહ્યો છે. વધુમાં, ગામમાં પાઈપ લાઈન દ્વારા ગેસ કનેક્શન પણ આપવામાં આવ્યું છે. આ ગામને તેની સ્વચ્છતા અને શ્રેષ્ઠ વહીવટી વ્યવસ્થા માટે 'નિર્મળ ગ્રામ પંચાયત'નો એવોર્ડ પણ મળી ચૂક્યો છે.

સજોદ ગામનું ભવિષ્ય અત્યંત ઉજ્જવળ જણાય છે, કારણ કે આ ગામ પાસેથી સુપર એક્સપ્રેસ-વે, બુલેટ ટ્રેન અને નિર્માણાધીન ભાડભૂત બેરેજ યોજના જેવા મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ્સ પસાર થઈ રહ્યા છે. આ વિકાસની ધરોહરો ગામને આધુનિકતા અને વૈશ્વિક કનેક્ટિવિટી સાથે જોડશે. સજોદ ગામના નામ પાછળ પણ એક રસપ્રદ ઈતિહાસ છુપાયેલો છે. ગામના વરિષ્ઠ કથાકાર અને 83 વર્ષની વયે પણ સ્વસ્થ એવા મનહરભાઈ નરશીભાઈ લિંબચિયા જણાવે છે કે, અહીં આવેલું સિદ્ધનાથ મહાદેવનું મંદિર અત્યંત પ્રાચીન છે. એવી લોકવાયકા છે કે 'સિદ્ધનાથ' શબ્દનો અપભ્રંશ થતા કાળક્રમે ગામનું નામ 'સજોદ' પડ્યું હતું. મનહરભાઈ ગામની સામાજિક વિશેષતા અંગે વધુમાં કહે છે કે, ગામના વડીલોએ સ્થાપિત કરેલા 'વંડા' (સામાજિક નિયમો અને રીત-રિવાજો)ને કારણે આજે પણ અહીં 18 વર્ણના લોકો ખૂબ જ પ્રેમ અને સંપથી વસે છે. આ ગામની સામાજિક સમરસતાનું ઉત્તમ ઉદાહરણ એ છે કે, અહીં સમૃદ્ધ ગણાતો પારસી પરિવાર પણ દૂધમાં સાકરની જેમ સમાજના તમામ વર્ગો સાથે હળીમળીને રહે છે.


દાંડીયાત્રા વખતે મહાત્મા ગાંધી સજોદ ગામે આવેલા, એ વડ આજે પણ છે સાક્ષી

## દાંડીયાત્રા: સજોદ ગામની ઐતિહાસિક ભૂમિકા અને અમૃતમય વારસો

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના ઈતિહાસમાં દાંડી યાત્રા એક સુવર્ણ અધ્યાય છે. 12 માર્ચ, 1930ના રોજ સાબરમતી આશ્રમથી શરૂ થયેલી આ પદયાત્રાએ માત્ર મીઠાના કાયદાનો ભંગ જ નહીં, પરંતુ અંગ્રેજોની સામ્રાજ્યવાદી સત્તા સામે અહિંસક વિદ્રોહનો અડીખમ સંદેશો પણ પ્રસારિત કર્યો હતો. આ યાત્રાએ ગુજરાતના કણે-કણને જાગૃત કર્યું હતું અને તેમાં સજોદ ગામનું નામ સુવર્ણ અક્ષરે અંકિત થયેલું છે. મહાત્મા ગાંધીજીએ તત્કાલીન વાઈસરોય લોર્ડ ઈરવીનને પત્ર લખીને 11 માંગણીઓ રજૂ કરી હતી અને ચેતવણી આપી હતી કે જો આ માંગણીઓ નહીં માનવામાં આવે તો સવિનય કાનૂનભંગના ભાગરૂપે મીઠા સત્યાગ્રહની શરૂઆત કરવામાં આવશે. લોર્ડ ઈરવીને આ પત્રને અવગણતા, ગાંધીજીએ આંદોલનનો નિર્ણય કર્યો. શરૂઆતમાં ખેડા જિલ્લાના બદલપુર ખાતે મીઠું બનાવવાનું વિચારાયું હતું, પરંતુ સુરતના વરિષ્ઠ કાર્યકર્તા કલ્યાણજી મહેતા (ગુજરાત વિધાનસભાના પ્રથમ સ્પીકર)એ સૂચન કર્યું કે દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠાના દૂરના ગામ સુધી યાત્રા લંબાવવામાં આવે, જેથી વધુ ને વધુ લોકો સુધી સંદેશો પહોંચે. આ સૂચન ગાંધીજી અને સરદાર વલ્લભભાઈ પટેલને પસંદ આવ્યું અને અંતે જલાલપોર તાલુકાના દાંડી ગામની પસંદગી કરવામાં આવી. તા.24 માર્ચ, 1930ના રોજ સાબરમતીથી શરૂ થયેલી આ 'બાપુ એક્સપ્રેસ' 28 માર્ચના રોજ, 17મા દિવસે સજોદની પવિત્ર ધરા પર પહોંચી હતી. ગામના લોકો માટે આ અભૂતપૂર્વ ગૌરવની ક્ષણ હતી. ગામના જાણીતા 'દેવકા તળાવ'ના કિનારે સત્યાગ્રહીઓનો પડાવ નાખવામાં આવ્યો હતો. આ તળાવની બાજુમાં આવેલી પ્રાચીન મીઠા પાણીની વાવ એ સમયની જીવનદોરી હતી, જેમાંથી બાપુ અને સાથીઓએ પોતાની તરસ છીપાવી હતી. સજોદ ગામમાં આવેલા એક વિશાળ વડના વૃક્ષ નીચે ગાંધીજીએ એક મહત્ત્વપૂર્ણ સભાને સંબોધી હતી. આ સભામાં તેમણે અંગ્રેજોના મીઠાના કાયદાની અન્યાયીતા સમજાવી અને ગ્રામજનોને કાનૂનભંગની પ્રવૃત્તિઓમાં જોડાવા માટે પ્રેરિત કર્યા હતા.

સાંજના સમયે દેવકા તળાવની પાળ પર પ્રાર્થના સભાનું આયોજન થયું, જ્યાં 'રઘુપતિ રાઘવ રાજા રામ' અને 'વૈષ્ણવ જન'ના ભજનોથી આખું વાતાવરણ ભક્તિમય અને ક્રાંતિમય બની ગયું હતું. ગામના અગ્રણી દલસુખભાઈ કટારિયા જણાવે છે કે આ ઘટના સજોદના ઈતિહાસમાં સીમાચિહ્નરૂપ છે. આજે પણ સજોદ ગામમાં તે ઐતિહાસિક વડનું વૃક્ષ ગૌરવભેર ઊભું છે, જે આઝાદીની લડતની સ્મૃતિને સજીવ રાખે છે. દેવકા તળાવ અને તેની બાજુની વાવની દીવાલ પર લાગેલી તકતી આજે પણ વટેમાર્ગુઓને યાદ અપાવે છે કે અહીં મહાત્મા ગાંધીએ પગલાં માંડ્યાં હતાં. જો કે, આ વાવ આજે જર્જરિત અવસ્થામાં છે, પરંતુ સજોદના જાગૃત ગ્રામજનો અને યુવાનો આ અમૂલ્ય વારસાના નવસર્જન માટે કટિબદ્ધ છે. વર્ષ-2021માં આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે યોજાયેલી પુન: દાંડીયાત્રા દરમિયાન કેરળના રાજ્યપાલ આરીફ મોહમ્મદ ખાને સજોદની મુલાકાત લઈ આ ધરાની ઐતિહાસિકતાને વંદન કર્યાં હતાં. સજોદ માત્ર એક ગામ નથી, પરંતુ આઝાદીના ઈતિહાસનું એક જીવતું-જાગતું સ્મારક છે. દેવકા તળાવના મોજાં આજે પણ જાણે બાપુના તે અહિંસક ક્રાંતિના સંદેશાને ગણગણી રહ્યા છે. આ ધરતીનો દરેક કણ બાપુના ચરણસ્પર્શથી પાવન થયો છે, અને તેના જીર્ણોદ્ધારના પ્રયાસો સાચા અર્થમાં રાષ્ટ્રપિતાને સાચી શ્રદ્ધાંજલિ હશે.

### સજોદ ગ્રામ પંચાયતના પદાધિકારીઓ

**સરપંચ**
દર્શનાબેન નીલેશભાઈ વસાવા
**ઉપસરપંચ**
ગોમાનભાઈ મોરારભાઈ આહીર
**સભ્ય**
દક્ષાબેન ભૂપેન્દ્રભાઈ રાઠોડ
નીલેશભાઈ રમણભાઈ વસાવા
મીનાબેન બાલુભાઈ પટેલ
નિમેષભાઈ ભાસ્કરભાઈ પટેલ
સરોજબેન કાલીદાસભાઈ વસાવા
મહેન્દ્રભાઈ ગોમાનભાઈ પરમાર
જયેશભાઈ ગોમાનભાઈ વસાવા
દક્ષાબેન નવનીતભાઈ આહીર
ધર્મિષ્ઠાબેન હાંસજીભાઈ રોહિત
**તલાટી કમ મંત્રી**
પાર્વતીબેન વી.પટેલીયા
તલાટી કમ મંત્રી-ઉર્વીબેન વી.ચૌધરી

### સજોદ ગામનાં દર્શન

સજોદ ગામની વસ્તી-5200
ભૌગોલિક વિસ્તાર-3020 હેક્ટર, 48 આરે, 61 ચો.મી.
સાક્ષરતા દર-86.03 ટકા
પુરુષ-90.96 ટકા
સ્ત્રી-81.10 ટકા
પશુધન-1063
આદિવાસી, કોળી પટેલ, રાજપૂત, દેવીપૂજક, ઓબીસી, બ્રાહ્મણ, આહીર, પંચાલ, વણિક, મિસ્ત્રી
પ્રાથમિક શાળા-2
કુમાર શાળા-બાલવાટિકાથી ધો-8
કન્યા શાળા-1થી 5
માધ્યમિક શાળા-1
વાડીનાથ સોસાયટી, મહાવીર સોસાયટી, ઓમ રેસિડન્સી, રામ રેસિ., આંબેડકરનગર, કાંટી ફળિયું, મંદિર ફળિયું, સુથાર ફળિયું, દરજી ફળિયું, જોષી ફળિયું, લાલખડકી ફળિયું, રામનગર, કૃષ્ણનગર, PM નવી વસાહત, સોની-મોદી ટેકરો, લુહાર ફળિયું, ભાઠા ફળિયું, પોસ્ટ ઓફિસ ફળિયું, જશુકાકા ખડકી, નહેર કોલોની ફળિયું, વિનવાડી ફળિયું, રેલ નવી વસાહત, ઇન્દિરા આવાસ, મોટું ફળિયું, વચલું ફળિયું, ડબ્બા ફળિયું, પટેલ ફળિયું સહિત ગામનાં કુલ 57 ફળિયાં/ સોસાયટીઓ
બેંકો-2 (ભરૂચ ડિસ્ટ્રિક્ટ બેંક અને SBI)
નર્મદા પરિક્રમાવાસી માટે આશ્રમ
ગામમાં મંદિરો-(સિદ્ધનાથ મહાદેવ મંદિર, રુદ્ર કુંડ, ચંદ્રમૌલેશ્વર મહાદેવ અને પૌરાણિક બળિયા દેવ બાપજી મંદિર) -જૈન દેરાસર-1
PHC-1, CHC-1



## નર્મદા તટે સિદ્ધતીર્થ: સજોદનું પૌરાણિક સિદ્ધરુદ્ર (સિદ્ધનાથ) મહાદેવ મંદિર

નર્મદા નદીના પવિત્ર તટ પર વસેલું સજોદ ગામ આસ્થાનું એક અનોખું કેન્દ્ર છે. અહીં આવેલું પૌરાણિક સિદ્ધરુદ્ર (સિદ્ધનાથ) મહાદેવ મંદિર માત્ર સજોદ જ નહીં, પરંતુ આસપાસનાં ૧૧ ગામના શિવભક્તો માટે અતૂટ શ્રદ્ધા અને અદભૂત મહાત્મ્ય ધરાવે છે. નર્મદા કિનારે આવેલાં હજારો શિવાલયો પૈકીનું આ એક એવું વિશેષ સ્થાન છે, જેનો ઇતિહાસ અને માન્યતાઓ પુરાણકાળ સાથે જોડાયેલી છે. વાયુ પુરાણના રેવાખંડ (અધ્યાય ૧૬૮)માં વર્ણવ્યા અનુસાર, આ સ્થળનું મહાત્મ્ય સાક્ષાત્ ભગવાન શિવ સાથે સંકળાયેલું છે. પૌરાણિક કથા મુજબ, જ્યારે ભગવાન શિવ દ્વારા બ્રહ્માજીનું મસ્તક છેદન થયું, ત્યારે તેમના પર બ્રહ્મહત્યાનું પાપ લાગ્યું હતું. આ પાપમાંથી મુક્તિ મેળવવા ભગવાન શંકર સમગ્ર પૃથ્વી પર ભ્રમણ કરવા લાગ્યા. અંતે, આ પવિત્ર ભૂમિ પર હજારો દેવો, ગાંધર્વો અને સિદ્ધોની ઉપસ્થિતિમાં ભગવાન શિવે એક કુંડની સ્થાપના કરી અને તેમાં નર્મદાજીનું પવિત્ર જળ ભરી સ્નાન કર્યું હતું. એવી માન્યતા છે કે આ જ સ્થળે સ્નાન કરીને ભગવાન શિવ બ્રહ્મહત્યાના પાપમાંથી મુક્ત થયા હતા. ત્યારબાદ શિવજીએ અહીં 'ધૂર્જટી' સ્વરૂપની સ્થાપના કરી અને દેવતાઓ તથા તીર્થને આશીર્વાદ આપી અંતર્ધ્યાન થયા હતા.

ભગવાન શિવ દ્વારા સ્થાપિત આ કુંડ આજે 'રુદ્રકુંડ' તરીકે ઓળખાય છે, જેમાં સ્નાન કરવાનો વિશેષ મહિમા છે. લોકવાયકા મુજબ, આ કુંડના જળમાં સ્નાન કરવાથી મનુષ્ય ચર્મરોગોથી મુક્તિ મેળવે છે. જે કોઈ ભક્ત રુદ્રકુંડમાં સ્નાન કરી સ્વયંભૂ સિદ્ધરુદ્ર મહાદેવની પૂજા કરે છે, તેની મનોકામના પૂર્ણ થાય છે. મંદિર પરિસરમાં અન્ય એક 'નીલકુંડ' પણ આવેલો છે, જેની વિશેષતા એ છે કે તેની સપાટી પર નજર કરીએ તો પાણી લીલા રંગનું દેખાય છે, પરંતુ હાથમાં લેતા જ તે એકદમ શુદ્ધ અને પારદર્શક જોવા મળે છે. આ મંદિરના ઈતિહાસમાં આક્રમણકારોના હુમલાની ઘટનાઓ પણ વણાયેલી છે. કહેવાય છે કે જ્યારે મહમૂદ ગઝનીની સેનાએ આ મંદિર લૂંટવાનો પ્રયાસ કર્યો, ત્યારે અચાનક ઝેરી ભમરાઓનું ટોળું પ્રગટ્યું હતું, જેના કારણે ગઝનીના સૈનિકોને ભાગવાની ફરજ પડી હતી. જો કે, ગઝનીએ પોતાની તલવાર વડે શિવલિંગ અને નંદી પર જે પ્રહાર કર્યા હતા, તેના નિશાન આજે પણ સ્પષ્ટપણે જોઈ શકાય છે, જે આ તીર્થધામના ગૌરવશાળી છતાં સંઘર્ષમય ઈતિહાસની યાદ અપાવે છે. મહાશિવરાત્રિ અને પવિત્ર શ્રાવણ માસ દરમિયાન આખું મંદિર પરિસર ભક્તિમય રંગે રંગાઈ જાય છે અને વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાય છે. આમ, સજોદનું સિદ્ધરુદ્ર મહાદેવ મંદિર એ ઈતિહાસ, પુરાણ, ચમત્કાર અને જનશ્રદ્ધાનો એક પવિત્ર સંગમ છે.





સજોદ ગામે પૌરાણિક સિદ્ધનાથ મહાદેવનું મંદિર આવેલું છે, આ મંદિરમાં ગઝનીએ તલવારથી કરેલા હુમલાની નિશાની જોવા મળે છે, સાથે બે કુંડ પણ જોવા મળે છે